# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-04-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## UPSC -પરિણામ:

કેન્દ્રીય જાહેર સેવા આયોગ-UPSC એ સિવિલ સર્વિસીસ પરીક્ષા 2024નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. ટોચના 30 ઉમેદવારોમાં 3 ગુજરાતીઓનો સમાવેશ થયો છે. એમાં પણ ટોપ-5માં બે મહિલાઓએ બાજી મારી છે. ગુજરાતના હર્ષિતા ગોયલ સમગ્ર ભારતમાં બીજા અને માર્ગી શાહ ચોથા સ્થાને રહ્યા છે. જયારે, ઉત્તર પ્રદેશના શક્તિ દુબેએ આ પરીક્ષામાં પ્રથમ રેન્ક પ્રાપ્ત કરી છે.

ઉમેદવારો UPSCની સત્તાવાર વેબસાઇટ upsc.gov.in પર પોતાનું પરિણામ ચકાસી શકે છે. ઉલ્લેખનીય છે કે, સિવિલ સર્વિસીસ પરીક્ષા 2024 હેઠળ UPSCએ IAS, IPS સહિતની સેવાઓની 1132 જગ્યા માટે પરિક્ષા યોજી હતી.

---------------------------------------------------------------------------------------------

## ખેતી વિષયક વીજ જોડાણ:

રાજ્યના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળતાથી પૂરા પાડવા એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

પ્રવર્તમાન જોગવાઇ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર સહમાલિકનું સંમતિ પત્રક મેળવવાનું રહે છે. જેના કારણે વધુ વારસદારો હોવાથી આંતરિક

વહેચણી કરેલ હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ખેડૂતોને મુશ્કેલીઓ પડતી હતી.

જેને ધ્યાને લઇ સરકાર દ્વારા આ જોગવાઈમાં સુધારો કરી સહમાલીકના સંમતિ પત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સ્વ.ઘોષણાપત્ર માન્ય રહેશે.

આ ઉપરાંત ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો દરેક સહમાલીકને તે સર્વે નંબર કે જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ ૭/૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ તેમજ પાણીનો સ્ત્રોત કુવો કે બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે તેમ જણાવવામાં આવ્યું છે.

---

## ગેરકાયદે દબાણ દૂર -:

પશ્ચિમ કચ્છ પોલીસે ગુનાહિત ઇતિહાસ ધરાવતા વ્યક્તિ દ્વારા ભુજ તાલુકાના સરગુ ગામના બન્ની વિસ્તારમાં થયેલા ગેરકાયદે દબાણને દૂર કર્યાં છે. સત્તાવાર યાદી મુજબ, આ વ્યક્તિએ જંગલ વિભાગ હસ્તકની જમીનમાં ગેરકાયદેસર રીતે મકાન અને વાડો બનાવ્યો હતો. પોલીસે આ તમામ દબાણ હટાવી અંદાજે 10 લાખ રૂપિયાની કિંમતની જમીન ખાલી કરાવી છે. આ વ્યક્તિ સામે કચ્છ, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં પાંચથી વધુ છેતરપિંડીના ગુના દાખલ થયા છે.

---

## રાપર-દબાણ દુર:

તંત્ર દ્વારા રાપર તાલુકાના ગાગોદર પોલીસ સ્ટેશનની નજીક, ગાગોદર કાનમેર નેશનલ હાઈવે ઉપર સરકારી જમીનમાં અનઅધિકૃત રીતે ઊભા કરવામાં આવેલા કુલ ૦૭ દબાણો તોડી

પાડવામાં આવ્યા હતા. આ દબાણ હટાવવાની કામગીરી દરમિયાન કુલ ૮૬૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. જેમાં ગેરકાયદેસર રીતે ઉભી કરવામાં આવેલી હોટેલ, વ્યવસાયિક બાંધકામો, પાણીનો પ્લાન્ટ, ટાયર પંચરની દુકાનો વગેરે દૂર કરવામાં આવ્યા હતા.

---

## વિદ્યાર્થીઓને નાગરિક સંરક્ષણની બેઝીક તાલીમ:

અબડાસા તાલુકામાં આવેલી પીએમશ્રી જવાહર નવોદય વિદ્યાલય ડુમરા ખાતે ૩૦૮ જેટલા વિદ્યાર્થીઓને નાગરિક સંરક્ષણની બેઝીક તાલીમ આપવામાં આવી હતી.

જેમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રાકૃતિક અને માનવસર્જિત આપદાઓ સામે કઈ રીતે રક્ષણ પ્રાપ્ત કરવું તેની સમજ આપવામાં આવી હતી. મુખ્યત્વે આગથી રક્ષણ, આગના પ્રકારો અને આગને ઓલવવાની અલગ અલગ પદ્ધતિઓની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.

---

## પ્રોજેક્ટ મેનેજમેન્ટ પર ત્રિદિવસીય વિશેષ તાલીમ:

ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ (ફોકિઆ) દ્વારા વિવિધ સંસ્થાઓ અને કંપનીઓના કાર્યકરો માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ પર ત્રિદિવસીય વિશેષ તાલીમનું આયોજન ભુજ ખાતે કરવામાં આવ્યું હતું, સંસ્થાઓ અને વ્યવસાયિકો તેમની યોજનાઓનું વધુ અસરકારક આયોજન, અમલ અને મૂલ્યાંકન કરવાની કુશળતા વિકસિત કરી સકે તે માટે યોજાયેલ આ તાલીમમાં કચ્છ અને વડોદરા જિલ્લાના કુલ ૨૮ કાર્યકરોએ ભાગ લીધો હતો.

IRMA, આણંદના પૂર્વ નિયામક હિતેશભાઈ ભટ્ટ વિવિધ સત્રોમાં આ તાલીમ આપી હતી. ફોકિઆ તરફથી આવનારા સમયમાં પણ આવા ગુણવત્તાપૂર્ણ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરાશે તેવી પ્રતિબદ્ધતા વ્યકત કરવામાં આવી હતી.

---

## હાજીપીર બાબાનો મેળો:

રણ કાંધીએ આવેલા સોઢ્રાણાના શહેનશાહ અને કોમી એકતાના પ્રતીક હાજીપીર બાબાનો મેળો આગામી 28 એપ્રિલથી શરૂ થવા જઈ રહ્યો છે. મેળા પૂર્વે, સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્રથી મોટી સંખ્યામાં યાત્રિકો હાજીપીરની મજાર પર સલામી માટે ઉમટી રહ્યા છે.

જીલ્લાના પ્રવેશદ્વાર સુરજબારીથી સામખિયારી સુધીના ધોરીમાર્ગ પર સૌરાષ્ટ્રથી આવતા પદયાત્રીઓની સંખ્યા વધી રહી છે. યાત્રિકોની સુવિધા માટે માર્ગ પર સેવાભાવી લોકોએ કેમ્પની વ્યવસ્થા કરી છે, જેમાં રહેવા, જમવા, ચા-નાસ્તો અને સ્નાન જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, હાજીપીરના ત્રણ દિવસીય મેળામાં કચ્છ ઉપરાંત સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્ર-મુંબઈથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. મેળાને ધ્યાનમાં રાખી, જિલ્લા વહીવટી તંત્રે દેશલપરથી હાજીપીર તરફના માર્ગે માલવાહક વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે. નખત્રાણા માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાલ રસ્તાનું સમારકામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

---

## IPL:

IPL ટી-20 ક્રિકેટમાં આજે લખનૌમાં એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનૌ સુપર જાયન્ટ્સ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. પોઈન્ટ ટેબલમાં દિલ્હી હાલમાં બીજા સ્થાને છે, જ્યારે લખનૌ પાંચમા સ્થાને છે.

---

## કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ:

જીલ્લા ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડમાં છેલ્લા 40 દિવસથી કચ્છ લોકસભા પરિવાર સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટના ત્રીજા સંસ્કરણનું આયોજન ચાલી રહ્યું છે. આ સ્પર્ધામાં 520થી વધુ ટીમો ભાગ લઈ રહી છે. જેમાં મોટી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ હાજર રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારી રહ્યા છે.

---